ગાંધીનગર સમાચાર

તા. ૧૯-૯-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ચીની પ્રમુખની મુલાકાત

ક્યારેક સાબરમતી ઋષિ દધીચિની તપોભૂમિ તરીકે તો ક્યારેક વીસમી સદીના યુગપુરૂષ મહાત્મા ગાંધીની પ્રયોગભૂમિ તરીકે પ્રતિષ્ઠા ધરાવતી રહી છે. એકવીસમી સદીમાં હવે એ નરેન્દ્ર મોદીની વિકાસભૂમિ તરીકે દેશ અને દુનિયામાં જાણીતી બની રહી છે. સાબરમતી આશ્રમની મુલાકાતે આવેલા ચીની રાષ્ટ્રપતિ અને એમનાં કલાકાર ફર્સ્ટ લેડીને ગાંધીની હૃદયકુંજ વિશે સમજૂતી આપવા આશ્રમનો કોઇ કર્મચારી કે ટ્રસ્ટી હાજર નહોતો. કારણ હતું સુરક્ષા કવચ. ગાંધીએ છેલ્લા શ્વાસ સુધી સુરક્ષા સ્વીકારવાનો ઇનકાર કર્યે રાખ્યો અને અંતે કટ્ટરપંથીની ગોળીઓનો ભોગ બન્યા. ચીની રાષ્ટ્રપતિએ ચરખા પર હાથ અજમાવી જોયો, પછી દિલ્હી જઇને રાજઘાટ પર પણ ભારતના રાષ્ટ્રપિતાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા. પરંતુ એમના ભવ્યાતિભવ્ય સ્વાગત ટાણે જ લડાખના ચુમાર પંથકમાં વધુ સો ચીની સૈનિકોની ઘુસણખોરીના સમાચાર છે. ચીની પ્રમુખ માટે ભારત જેવા 'દુશ્મન' દેશ પાસે આવું બહુમાન મેળવવું એ દિવા સ્વપ્ન જેવી ઘટના હતી. ૧૯૬૨માં પંચશીલ કરારના ઓઠા હેઠળ 'હિંદી-ચીની ભાઇ ભાઇ'નાં સૂત્રો પોકારતા રહેતા હિન્દુસ્તાન પર પીઠ પાછળ ઘા કરીને ડ્રેગને એનું પોત પ્રકાશ્યું તે પછી કોઇ પણ કેન્દ્ર સરકાર ચીનને વિશ્વાસની નજરે જોઇ શકી નથી. કોંગ્રેસી વડાપ્રધાનના શાસન હેઠળ તો આવું સપનું પણ ન જોઇ શક્યા હોત. આજે ચીન વિશ્વની બીજા નંબરની મહાસત્તા છે અને દક્ષિણ એશિયામાં લોકશાહી ભારત એનું હરિફ રાષ્ટ્ર ગણાય છે. પરંતુ હવે આર્થિક મહાસત્તા તરીકે ઊપસી આવેલા ચીન માટે ભારતનું ફળદ્રુપ બજાર ગુમાવવું પોસાય એમ નથી. પરંતુ સાથે જ એની સામરિક ક્ષમતા પણ એ નિરંતર વધારતું જ ગયું છે. પાડોશી જાપાનથી લઇ દૂર સુદૂર અમેરિકા પ્રયંત એની વધતી જતી રાક્ષસી તાકાતની ધાક વરતાતી રહી છે. દક્ષિણ એશિયાના જૂના સિલ્ક રૂટને પુનર્જીવિત કરી એ વિશ્વની પહેલા નંબરની આર્થિક સત્તા બનવા કૃતનિશ્ચય છે. આજે દુનિયાના બજારો 'મેઇડ ઇન ચાઇના' બ્રાન્ડ માલથી ઊભરાય છે. નરેન્દ્ર મોદીને ચીનનું આ વ્યાપારી સ્વરૂપ જ આકર્ષતું રહ્યું છે અને તેથી સ્તો તેઓ મુખ્યમંત્રી પદે હતા તે દરમિયાન વારંવાર ચીનનાં વેપારી કેન્દ્રોની મુલાકાત લેતા રહ્યા છે. લોકસભાની ચૂંટણીની પ્રચાર ઝુંબેશ ચલાવતી વેળાએ પણ તેઓ ચીની વિકાસ મોડલનાં વખાણ કરતાં થાકતા નહોતા. આમ, ચીનને મોદીમાં પોતાની વ્યાપારિક વ્યૂહરચના સાથે સુમેળ અને સંવાદિતા ધરાવતા મોટા સમર્થક મળ્યા હોવાનો અહેસાસ થયો છે. એ સિવાય એમના જન્મદિવસની ઉજવણી ટાણે જ ચીની પ્રમુખ ગુજરાત પધારે તે માની શકાય નહિ. મોદી સાથેની શી જિનપિંગની આ શુભેચ્છા દેશની કેટલી ફળે છે એ તો સમય જ કહી શકશે. એમણે ભાવભીનું મધમીઠું ગુજરાતી આતિથ્ય માણીને સાબરમતીનાં પાણી માપી લીધાં છે. સાબરમતી એ સાબરમતી છે, એ ગંગા કે યમુના નથી. જિનપિંગ આ બાબત સુપેરે સમજતા જ હોય. એમણે ૧૦૦ અબજનું રોકાણ કરવાની ખાતરી આપીને ભારતમાં ઉદ્યોગધંધા ક્ષેત્રે પ્રવેશ મેળવી લીધો છે. એમને બુલેટ ટ્રેન દોડાવવામાં રસ છે; દવાઓ વેચવામાં રસ છે. એમને વડોદરામાં ઔદ્યોગિક પાર્ક ઊભો કરવામાં રસ છે એમ અન્ય મહાનગરોમાં પણ સંયુક્ત રોકાણ કરવાની તૈયારી છે. એથી સ્વાભાવિક છે કે એની કસ્ટમ નીતિમાં એ છૂટછાટ મૂકવા તૈયાર થાય. કેટલાક વિશ્લેષણકારો એમની આ ચેષ્ટાને ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે સરખાવી આગોતરી ચેતવણી આપી રહ્યા છે. ભારતીય બજારમાં પ્રવેશીને ચીન એની વિસ્તારવાદી કૂટનીતિને વધુ વેગવંતી બનાવી શકે એમ છે. ચીનને બુદ્ધ કે નાલંદામાં નામનોય રસ ન હોય, એ તો શુદ્ધ સામ્યવાદી રાષ્ટ્ર છે. તેથી નરેન્દ્ર મોદી એમને બુદ્ધની મૂર્તિ બતાવીને જૂના સગપણની યાદ તાજી કરતા હોય તો કલ્પનાના સ્વર્ગમાં રાચી રહ્યા છે એમ જ માનવું રહ્યું. કૈલાસ માનસરોવરની યાત્રા માટે વધુ એક વૈકલ્પિક માર્ગ ખોલી આપવાની ચીનની તૈયારીમાં ચીનને કશું જ ગુમાવવાનું નથી. વર્ષો જૂની લડાખવાળા સીધા અને ટૂંકા રસ્તાની માગણી પડતર જ રહે છે. વળી મહત્ત્વના બાર કરાર પર સહીસિક્કા થયા પછી પણ ચીન સીમાવિવાદ મુદ્દે કેટલું કોઠું આપશે તે કહેવું અને કળવું ઘણું અઘરું છે. જો ચીન ખરેખર વિશ્વ સમુદાય સાથે મૈત્રીપૂર્ણ સંબંધો રાખવા માગતું હોય તો એણે પાકિસ્તાનની આતંકવાદી પ્રવૃત્તિઓને વખોડી કાઢવી જોઇએ તથા ભારતનો કબજે કરેલો પ્રદેશ સત્વરે ખાલી કરી આપવો જોઇએ. યુનોમાં સલામતી સમિતિના કાયમી સભ્યપદ માટે ભારતની તરફેણ કરવી જોઇએ. ભારતીય વડાપ્રધાને ઘુસણખોરીના મુદ્દે સતત નારાજગી દર્શાવી હોવાનું કહેવાય છે. પરંતુ શું ચીની પ્રમુખે એ મુદ્દે ત્વરિત પગલાં લેવાની કોઇ ખાતરી આપી છે ખરી? ઊલટાની એમની ભારતમાં ઉપસ્થિતિ ટાણે જ ચીની સૈનિકોએ ઘુસણખોરી વધારી મૂકી છે. સ્ટેપલ વિઝાના મુદ્દે પણ એમનું વલણ અકળ જ રહ્યું છે. એમની પ્રાથમિકતા ફક્ત વેપાર છે, બાકીની બાબતો અભેરાઇએ ચડાવી એમને ભારતીય ઉપખંડનું બજાર જ અંકે કરવું છે.

## વાવોલ એમ.બી. પટેલ શાળામાં સ્વ. બચાવ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં મહિલાઓ ઉપરના અત્યાચારો વધી રહ્યા છે. સ્કુલ, કોલેજ, શોપિંગ પર લુખ્ખા તત્વો અડ્ડો મુશ્કેલ બની રહ્યું છે. સરકાર દ્વારા પણ મહિલા સશકિતકરણ અંતર્ગત મહિલાઓને સશકત કરવા અભિયાન ચલાવવામાં આવે છે ત્યારે વાવોલમાં અરવિંદભાઈએ ફકત તાલીમ નહિ પણ નિયમિત અભ્યાસ સાથે જ સાંકળી લેવું જોઈએ તેમ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ અગિયાર




જમાવી છેડતી કરતા હોય છે. વાવોલની એમ.બી. પટેલ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓને સ્વ બચાવ તાલીમ આપવામાં આવી હતી. અગિયાર દિવસ દરમિયાન વિદ્યાર્થીનીઓને અલગ અલગ ટીપ્સ આપવામાં આવી હતી.

હાલના સમયમાં મહિલાઓ અને છોકરીઓને જાહેરમાં નિકળવું આવેલ એમ.બી. પટેલ વિદ્યાલયમાં અગિયાર દિવસીય સ્વ બચાવ તાલીમ યોજવામાં આવી હતી.

શિબિરમાં મહિલા પોલીસ ઈન્સ્પેકટર મિનાક્ષીબેન પટેલે સ્વ બચાવ અંગેની વિવિધ કળાને આત્મસાત કરવા જણાવ્યું હતું અને જરુર પડે તેનો ઉપયોગ પણ કરવો જોઈએ તેમ કહ્યું હતું. દિવસના અનુભવો જણાવ્યા હતા જેમાં કહ્યું હતું કે અમને અગિયાર દિવસ દરમિયાન અલગ અલગ સ્વ બચાવ અંગેની તાલીમ મળી છે. આ તાલીમથી અમારા ઉપર થતા હુમલાને રોકી શકીએ છીએ. અમારો બચાવ અમે જાતે કરી શકીએ તેવું શિક્ષણ મળ્યું છે શિબિરમાં ૭૫થી વધુ વિદ્યાર્થીનીઓએ તાલીમ મેળવી હતી.

## 'લોક વાર્તાની રસલ્હાણ'નું લોકાર્પણ

રાજયના પ્રસિધ્ધ વાર્તાકાર રાઘવજી માધડ કૃત 'લોક વાર્તાની રસલ્હાણ'નું લોકાર્પણ કરવામાં આવશે. તા. ૨૧ સપ્ટેમ્બર રવિવાર સાંજે ૪-૦૦ વાગે સેકટર-૨૩ કડી કેમ્પસ બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાશે. કાર્યક્રમ ગુજરાત સરકારના રમત ગમત યુવા સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહાની અધ્યક્ષતામાં યોજાશે. જેમાં અતિથિ વિશેષ પદે પૂર્વ સનદી અધિકારી પ્રવિણ ગઢવી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં નગરના સાહિત્ય રસિકોને ઉપસ્થિત રહેવા ભરત કવિ અને ડૉ. અંબાદાન રોડડિયાએ જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




છેલ્લે રોડમાં જેમ હતા તેમ ખાડા પાડવાનું ભૂલતા નહીં... આપણાં લોકોને આવા રસ્તાની ટેવ નથી ને નાહકનાં એક્સીડેન્ટ વધશે.. !!

## જિલ્લાકક્ષાની ઝડપી સાયકલ સ્પર્ધા યોજાઈ, સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા

ગાંધીનગર, તા. ૧૮

પાટનગરના રહિશો માટે ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સાયકલીંગ એસોસિએશન દ્વારા ઝડપી સાયકલ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લીધેલા સ્પર્ધકોને ઈનામ આપવામાં આવ્યા હતા.

સાયકલ ચલાવવાથી સ્વાસ્થ્ય સારૂ રહે છે. તે હેતુથી ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સાયકલીંગ એસોસિએશન દ્વારા પાટનગરવાસીઓ માટે ઝડપી સાયકલ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધા ગત ૧૪મીના રોજ ટાઉનહોલ ખાતેથી શરૂ કરવામાં આવી હતી અને આજ સ્થળે પરત પૂર્ણ કરવામાં આવી હતી.

સ્પર્ધામાં પ્રથમ આવેલ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવ્યા હતા. સિનિયર વિભાગ ભાઈઓમાં પ્રથમ હેમેન્દ્રસિંહ રાઠોડ, દ્વિતીય કિરણ પ્રજાપતિ, તૃતીય પૃથ્વીરાજ ચૌહાણ, જુનિયર વિભાગ ભાઈઓમાં પ્રથમ અજય પ્રજાપતિ, દ્વિતીય કિષ્નરાજ વાઘેલા, તૃતીય નરેન્દ્ર પ્રજાપતિ, ઓપન વિભાગ ભાઈઓમાં પ્રથમ મયુરરાજસિંહ વાઘેલા, દ્વિતીય રોહન પરમાર, તૃતીય રાજદીપ ચાવડા, સબજુનિયર વિભાગમાં પ્રથમ મયુર પ્રજાપતિ, દ્વિતીય નિસર્ગ પરમાર, તૃતીય પૃથ્વીરાજ ચાવડા તેમજ બહેનોની જુનિયર વિભાગમાં બિનલ રાઠોડ પ્રથમ, કૈના ભાલાણી દ્વિતીય, તેજલ ચૌહાણ તૃતીય, સિનિયર વિભાગ બહેનોમાં તેજલ પ્રજાપતિ પ્રથમ, મયુરી વેકરીયા દ્વિતીય અને રેણુકા પટેલ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતા સ્પર્ધકોને પ્રમુખ કિશોર ગોપલાણીના હસ્તે પ્રમાણપત્ર અને ઈનામો આપવામાં આવ્યા હતા.

## એર રાઈફલ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૧૮

સેકટર-૧૨ સ્વામિ વિવેકાનંદ વિદ્યાલય ખાતે ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાઈફલ એસોસિએશન દ્વારા જિલ્લા કક્ષાની એર રાઈફલ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં સેક્ટર-૨૩ સ્થિત આર.જી. પટેલ અને એસ.બી. પટેલ શાળાની ૧૩ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ-૧૧-ડી ની ધરાંગી પટેલે ૭૬ ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શુટીંગ એસોસિએશનના સભ્યો અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## યાદશકિત વધારવાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ટેકનોલોજીના યુગમાં માનવીની યાદશકિત ખતમ થઈ ગઈ છે. હાલના સમયમાં પોતાનો મોબાઈલ નંબર પણ પોતાના જ મોબાઈલમાં સેવ રાખવો પડતો હોય છે. ગોપાલક કન્યા વિદ્યાલયમાં યાદશકિત વધારવા શું શું કરવું જોઈએ વિષય પર વર્કશોપ યોજાયો હતો.

જાગ્રત મન અજાગ્રત મન અને તેની શકિતઓ, અજાગ્રત મનના ઉપાયો અને યાદ શકિત વધારવાના પગલા પર સેકટર-૧૫માં આવેલ ગોપાલક કન્યા વિદ્યાલયમાં વી.કેર ફાઉન્ડશન દ્વારા વર્કશોપનું આયોજન કરાયું હતું.

વર્કશોપમાં વિદ્યાર્થીનીઓને પરીક્ષા અને કારકિર્દી ઘડતરમાં ઉપયોગી સાબિત થઈ શકે તે માટે યાદશકિત વધારવાની ક્રિયાઓ બતાવવામાં આવી હતી. ધ્યાન મુદ્રામાં અર્ધજાગ્રત મનને કેવી રીતે તૈયાર કરવું તેની પધ્ધતિઓ શિખવવામાં આવી હતી.



ચિલોડામાં આવેલ સ્વામિનારાયણ ગુરૂકુલ સ્કૂલના આચાર્ય વય નિવૃત્ત થતા વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે આચાર્ય રતિલાલ વાઘેલાને સન્માનપત્ર અને મોમેન્ટો યાદગીરીરૂપે આપવામાં આવ્યું હતું. ટ્રસ્ટી મંડળ અને શાળા પરિવાર હાજર રહ્યો હતો.

## મહિલા પ્રોફેસર-વિદ્યાર્થીનીની છેડતી મુદ્દે કોલેજની લાલઆંખ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલ સરકારી પોલીટેકનિક કોલેજમાં ડિટેઈન થયેલ વિદ્યાર્થીઓએ તેમના સાગરીતો સાથે આવીને મહિલા પ્રોફેસર તેમજ વિદ્યાર્થીનીઓને ગાળો ભાંડી ધમકી આપવાના પ્રકરણમાં વિવાદ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આ મામલે વિદ્યાર્થીઓ સામે પોલીસ ફરીયાદ કર્યા બાદ હવે શિસ્ત સમિતીને સમગ્ર બનાવની તપાસ સોંપીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે તેમજ મહિલા સેલ દ્વારા પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગત સોમવારે આંબાવાડી સ્થિત સરકારી પોલીટેકનીક કોલેજની આઈટી બ્રાન્ચના મહિલા પ્રોફેસર વિદ્યાર્થીનીઓને અભ્યાસ કરાવતા હતા. આ સમયે કોલેજમાંથી ડિટેઈન કરાયેલા વિદ્યાર્થીઓ દેવાંગ શાહ, ભાર્ગવ મારૂ, રૂચિત પટેલ તેમના બે સાગરીતો સાથે આવીને લોબીમાં આંટાફેરા કરતા હોવાથી મહિલા પ્રોફેસરે વિદ્યાર્થીનીને રૂમનો દરવાજો બંધ કરવા જણાવ્યું હતું. દરવાજો બંધ થતાં દેવાંગ શાહ અને તેના સાથીઓ ઉશ્કેરાઈને દરવાજા ઉપર લાતો મારી કલાસરૂમમાં ઘુસી ગયા હતા. આ શખ્સોએ મહિલા પ્રોફેસર સામે બિભત્સ હરકતો કરી ગાળો આપી હતી. તેમજ કલાસરૂમમાં બેઠેલ વિદ્યાર્થીનીઓની છેડતી પણ કરી હતી. આ મામલે આઈટી બ્રાન્ચના મહિલા પ્રોફેસરે પ્રિન્સિપાલને જાણ કરી હતી. જેથી પ્રિન્સિપાલે વિગતો જાણી બીજા દિવસે બંને વિદ્યાર્થીનીને સાથે રાખી ઓળખ પરેડ કરાવી હતી. જેમાં વિદ્યાર્થીનીએ ડિટેઈન કરાયેલા વિદ્યાર્થી રૂચિત પટેલને ઓળખી બતાવ્યો હતો.

## શિષ્યવૃતિની પરીક્ષા માટે ૨૫મી સુધી નોંધણી થશે

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ વેબસાઇટ ઉપર હવે વિદ્યાર્થીઓને નોંધણી કરાવી પડશે

અમદાવાદ,તા. ૧૮

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા દર વર્ષે લેવામાં આવે છે. ચાલુ વર્ષે આ પરીક્ષાની તારીખ નક્કી કરવા માટે પરીક્ષા સમિતિની બેઠક મળી હતી. જેમાં આ પરીક્ષા આગામી ૧૯મી ઓક્ટોબર અને રવિવારના રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે વિદ્યાર્થીઓ પરીક્ષા માટે અરજી કરવા માંગતા હોય તેમણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોરડની વેબસાઈટ ઉપર તારીખ ૨૫ સપ્ટેમ્બર સુધી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તેજસ્વી બાળકોને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના સંયુકત ઉપક્રમે શિષ્યવૃતિ ફાળવવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ માટેના તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિષ્યવૃત્તિ પરીક્ષા લેવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે આ પરીક્ષાના આયોજનને આખરી ઓપ આપવા માટે મળેલી પરીક્ષા ૧૯ ઓક્ટોબર અને રવિવારના રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે ઉત્સુક વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર તારીખ ૨૫ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ પરીક્ષામાં બેસવા માટે પ્રાથમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને માધ્યમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. જો કે, શિષ્યવૃત્તિ પરીક્ષા મોટ અરજી કરનાર વિદ્યાર્થીઓએ ગત પરીક્ષા ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક મેળવેલ હોવા છતાં આવશ્યક છે તેનાથી ઓછા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓ અરજી કરી શકશે નહીં.

## પરિમલ ત્રિવેદીના જામીન રદ કરવાની અરજીને કોર્ટે ફગાવી

### પરિમલ ત્રિવેદીએ પ્રોફેસર પંકજ શ્રીમાળીને જાતિવિષયક અપશબ્દો કહ્યા હતા : બંને પક્ષોની ઉગ્ર દલીલો પૂર્ણ કરાઈ

અમદાવાદ, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. પરિમલ ત્રિવેદી દ્વારા પ્રોફેસર પંકજ શ્રીમાળીને જાતિ વિષયક અપમાનજનક અપશબ્દો ઉચ્ચારવાના એટ્રોસીટી કેસમાં ફરિયાદી પક્ષ તરફથી ડો. પરિમલ ત્રિવેદીના જામીન રદ કરવા દાખલ કરાયેલ અરજીમાં બંને પક્ષો વચ્ચે દલીલો પૂર્ણ થઈ ચુકી હતી. કોર્ટે ફરીયાદી પક્ષ તરફથી દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી દીધી હતી. ઉપરાંત ૨૯મી સપ્ટેમ્બરે પુરાવા લીસ્ટ રજુ કોર્ટે આદેશ કર્યો છે. ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ તરીકેના શાસન દરમ્યાન વિવાદોના પર્યાય બનેલા પૂર્વ કુલપતિ ડો. પરિમલ ત્રિવેદીએ ગુજરાત યુનિવર્સિટના જ પ્રોફેસર પંકજ શ્રીમાળીને જાહેરમાં જાતિ વિષયક અપમાનજનક અપશબ્દો ઉચ્ચાર્યા હતા.

આ મામલે પંકજ શ્રીમાળીએ એટ્રોસીટીની ફરીયાદ દાખલ કરી હતી. જેમાં પરિમલ ત્રિવેદીને થોડા સમયના જેલવાસ બાદ જામીન પર મુક્તિ મળી હતી. હાલ આ કેસમાં ચાર્જફ્રેમ થઈ ગયો છે. બીજી તરફ જામીન પર મુક્ત ફરી રહેલા ડો. પરિમલ ત્રિવેદીના જામીન રદ કરવા ફરિયાદીએ અરજી દાખલ કરી હતી. અરજીમાં એવી રજુઆત કરવામાં આવી હતી કોર્ટે સાક્ષી-ફરિયાદીને ધાકધમકી નહીં આપવાની શરતે જામીન પર મુક્ત કર્યો હતો. પરંતુ આરોપી કોર્ટે ફરમાયેલી શરતોનો ભંગ કરતો હોવાથી જામીન રદ થવા જોઈએ. બંને પક્ષો વચ્ચે દલીલો પૂર્ણ થઈ ચુકી હતી કોર્ટે ફરીયાદી પક્ષ તરફથી દાખલ કરાયેલ અરજી ફગાવી દીધી હતી. ઉપરાંત કોર્ટે આગામી ૨૯મી સપ્ટેમ્બરે પુરાવા લીસ્ટ રજુ કરવા કોર્ટે આદેશ કર્યો છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. અલ-શબાબ આતંકવાદી સંગઠન કયા દેશમાં સક્રિય છે?
➜ **સોમાલીયા**

૨. ૨૦૧૪માં ભારતના મહાવાણિજ્ય દૂતાવાસ ઉપર આતંકવાદી હુમલો થયો હતો તે મહાવાણિજ્ય દૂતાવાસ અફઘાનિસ્તાનમાં કયા સ્થળે આવેલું છે?
➜ **હેરાત**

૩. ૨૦૧૪માં વિશ્વ આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ કયારે મનાવવામાં આવે છે?
➜ **૨૨ જૂલાઇ**

૪. ૨૦૧૪માં કઈ સોશિયલ નેટવર્કિંગ સાઇટને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે?
➜ **ઓરકૂટ**

૫. ૨૦૧૪માં લિબર્ટી મેડલ કોને એનાયત કરવામાં આવ્યો છે?
➜ **મલાલા યુસુફ જઇ**

૬. ૨૦૧૪અમેરિકાએકયાંભારતીયવૈજ્ઞાનિકનાનામપરએન્ટાર્કટિકામાં પર્વતનુંનામ રાખ્યુંછે?
➜ **આખૌરી સિન્હા**

૭. ૨૦૧૪માં કયા દેશે શાંતિ માટે 'ચાર પાર્ટી વાતચીત' બેઠક બોલાવી હતી?
➜ **યુક્રેન**

૮. ૨૦૧૪માં વિમ્બલડન મહિલા સિંગલનો ખિતાબ કોણે જીત્યો હતો?
➜ **પેટ્રા ક્વિટોવા**

૯. ૨૦૧૪માં ભારતની વિદેશયાત્રાએ આવેલાં વિલિયમ હેગ કયા દેશનાં વિદેશમંત્રી છે?
➜ **બ્રિટન**

૧૦. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય હથિયાર મેળો કયાં યોજાયો હતો ?
➜ **દિલ્હી**

૧૧. ૨૦૧૪માં સિમોન ડેક પુરસ્કાર કોને આપવામાં આવ્યો હતો?
➜ **સુમિત ચુગ**

૧૨. ૨૦૧૪માં ૬૭મું વિશ્વ સ્વાસ્થ્ય સંમેલન કયા યોજાયું હતું?
➜ **જીનિવા**

૧૩. ૨૦૧૪માં વર્લ્ડ વાઇલ્ડ વેબ (WWW) ના ૧૨મી માર્ચે કેટલા વર્ષ પૂર્ણ થયા હતા?
➜ **૨૫ વર્ષ**

૧૪. ૨૦૧૪ એશિયાકપ ક્રિકેટમાં કઈ ટીમ ચેમ્પિયન બની હતી?
➜ **શ્રીલંકા**

૧૫. ૨૦૧૪માં ભારતે કયા દેશ સાથે સૌથી વધુ તેલ વ્યાપારની ભાગાદારી કરી છે?
➜ **દુબઇ**

૧૬. ૨૦૧૪માં કઈ ભારતીય મહિલાને આંતરરાષ્ટ્રીય મહિલા સાહસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **કુમારી લક્ષ્મી**

૧૭. ૨૦૧૪માં વિશ્વમાં સૌથી પોષણક્ષમ દેશોની યાદીમાં પ્રથમ સ્થાન કયા દેશને આપવામાં આવ્યું છે?
➜ **નેધરલેન્ડ**

૧૮. ૨૦૧૪માં ફેડરલ રિઝર્વના નવા અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
➜ **જેનેટ ચેનેલ**

૧૯. ૨૦૧૪માં શ્રીલંકાની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના કોચ પદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **પોલ ફોલ્સ**

૨૦. તાજેતરમાં ફ્રાન્સના નવા પ્રધાનમંત્રી પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **મોનુલ વાલ્સ**